# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **શુક્રવાર તા.૧૧–૪–૨૦૨૫ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના તા.૨૭–૧–૨૦૨૫ થી તા.૧–૨–૨૦૨૫ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજૂ.

૦૨. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૪–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના તા.૩–૨–૨૦૨૫ થી તા.૭–૨–૨૦૨૫ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજૂ.

૦૩. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના તા.૧૦–૨–૨૦૨૫ થી તા.૧૫–૨–૨૦૨૫ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજૂ.

૦૪. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના તા.૧૭–૨–૨૦૨૫ થી તા.૨૧–૨–૨૦૨૫ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજૂ.

૦૫. ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, નામદાર ગુજરાત સરકારશ્રીના અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસીંગ વિભાગના તા.૨૨–૬–૨૦૦૭ ના નોટીફીકેશનથી નક્કી કરવામાં આવેલ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ સમિતિના કાર્યો, ફરજો, કાર્યક્ષેત્ર તથા કાર્યવાહી અંગેના નિયમો–૨૦૦૭ ના નિયમ–૪(૬) અનુસાર દરખાસ્તના પત્રકમાં દર્શાવેલ અ.નં.૧ થી ૪ માં જણાવેલ વિગતેના જે તે વોર્ડ સમિતિના ઠરાવોની જાણ લેવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, નોર્થ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ (૧) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા ક્રમાંક નં.૩૮૯, વસવારીનું જુનું મકાન અને (૨) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા ક્રમાંક નં.૫૬, લીમડી ફળિયા, કોસાડ ગામ ખાતે આવેલ હયાત શાળાના જુના મકાનને ઉતારી પાડી માલસામાન લઈ જઈ જમીન સમતલ કરી આપવાના કામે આવેલ કુલ–૯ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર યુનિક ડીમોલેશન સર્વિસીસનું રૂા.૬,૨૧,૭૮૬/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૧, સોદાગરવાડ ખાતે આવેલ ન.પ્રા.શિ.સ. સંચાલિત શાળા નં.૧૪૫ ના બિલ્ડીંગને ઉતારી પાડી લઈ જવાના કામે આવેલ કુલ–૯ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર આલ્ફા એન્ટરપ્રાઈઝનું રૂા.૫,૬૩,૫૦૦/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૬, નોંધ નં.૩૧૯, કોલસાવાડ, મંછરપુરા ખાતે આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નં.૮૦ ના બિલ્ડીંગને ઉતારી પાડી લઈ જવાના કામે આવેલ કુલ–૯ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૬ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર આલ્ફા એન્ટરપ્રાઈઝનું રૂા.૧૪,૨૮,૭૮૬/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં ભાગળ ચાર રસ્તા, કોટસફિલ રોડ ખાતે આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકનું ઓપરેશન અને મેઈન્ટેનન્સ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર આર્યનરાજ કોર્પોરેશનને વાર્ષિક ઓફર રૂા.૫,૧૦૦/– મુજબ પાંચ વર્ષના સમયગાળા માટે રૂા.૨૫,૫૦૦/– ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં મિલેનીયમ માર્કેટ, ફલાયઓવર બ્રીજ નીચે આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકનું ઓપરેશન અને મેઈન્ટેનન્સ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર આર્યનરાજ કોર્પોરેશનને વાર્ષિક ઓફર રૂા.૧,૦૦,૦૦૦/– મુજબ પાંચ વર્ષના સમયગાળા માટે રૂા.૫,૦૦,૦૦૦/– ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૨–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારમાં આવેલ હીન્દી પ્રાથમિક શાળા નં.૩૬૯ અને કનકપુર ઉડીયા પ્રાથમિક શાળા નં.૩૭૦ શાળાના જુના મકાનોને તોડી પાડી માલ સામાન લઈ જવાના કામે આવેલ કુલ–૮ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૬ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર પ્રાઈમ ડેવલોપર્સનું રૂા.૧૫,૫૭,૭૮૯/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.રશ્રીને અધિકૃત કરવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૨–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારમાં આવેલ ઉબેર ખાતે આવેલ નગર પ્રાથમિક શાળા ક્રમાંક નં.૩૭૪ જુના મકાનને તોડી પાડી માલ સામાન લઈ જવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર ચિશ્તીયા ટ્રેડર્સનું રૂા.૩,૫૧,૧૧૦/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારમાં આવેલ તલંગપોર ખાતે આવેલ નગર પ્રાથમિક શાળા ક્રમાંક નં.૩૭૩ જુના મકાનને તોડી પાડી માલ સામાન લઈ જવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર ગુલામ મુસ્તુફા અબ્દુલ્લાનું રૂા.૫,૮૩,૮૮૮/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) માં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારમાં આવેલ પાલી, તલંગપોર, ઉબેરમાં કુલ–૦૫(પાંચ) આંગણવાડીઓના હયાત મકાનને તોડી પાડી માલ સામાન લઈ જવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૩ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર મે.ગૌરવ બિલ્ડર્સનું રૂા.૫૨,૦૦૦/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારમાં આવેલ સચીન, પારડી–કણદે, કનસાડ, કનકપુરની કુલ–૦૪(ચાર) આંગણવાડીઓના હયાત મકાનને તોડી પાડી માલ સામાન લઈ જવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર શ્રી હરિકૃષ્ણ એન્ટરપ્રાઈઝનું રૂા.૪૩,૦૦૦/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ, કનકપુરની કુલ–૦૫(પાંચ) આંગણવાડીઓના હયાત મકાનને તોડી પાડી માલ સામાન લઈ જવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર શ્રી હરિકૃષ્ણ એન્ટરપ્રાઈઝનું રૂા.૪૩,૦૦૦/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૪–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના ઉધના ઝોનમાં ઉધના દરવાજાથી સત્યનગર ગેટ સુધી રસ્તાની બન્ને બાજુ ઓન સ્ટ્રીટ "પે એન્ડ પાર્ક" માટે નિયત કરેલ જગ્યાં પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર સેમ એન્ટરપ્રાઈઝની મીનીમમ ઓફસેટ પ્રાઈસ રૂા.૪,૯૫,૦૦૦/– થી ૨૧.૨૧% ઉંચી એટલે કે રૂા.૬,૦૦,૦૦૦/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૮. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૭, ગાર્ડન ફેકટરી, રામપુરા ખાતે આવેલ ન.પ્રા.શિ.સ. સંચાલિત શાળા નં.૧૨૬ ના બિલ્ડીંગની સ્ક્રેપ વેલ્યુ રૂા.૫,૯૫,૫૨૭–૮૮ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૯. મ્યુ.ક.શ્રીનો તા.૨–૪–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૨ માં રૂસ્તમપુરા પાસે આવેલ પ્રાથમિક શાળા નં.૩૬/૩૮ વાળી (આશાપુરી માતાના મંદિરની સામે, કડીવાળા હેલ્થ સેન્ટર નજીક) શાળાના બિલ્ડીંગની સ્ક્રેપ વેલ્યુ રૂ.૧૦,૧૪,૬૯૪/– મંજુર કરવા અંગે નિર્ણય લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૨૦. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સ્મીમેર કેમ્પસ ખાતે હાલમાં બાંધકામ હેઠળના નવા હોસ્પીટલ બ્લોક(ED-1) અને એજ્યુકેશનલ બ્લોક (ED-2) માં આર્કીટેકટ અજીત બી. જરીવાલા(તથાસ્તુ આર્કીટેકટ, સુરત) ની ED-1 અને ED-2 માટેની પ્રોજેકટ આર્કીટેકટ તરીકેની કામગીરીનો સમયગાળો સ્થા.સ.ઠ.નં.૧૪૯૯/૨૦૨૧ થી મંજુર ભાવે અને શરતે તા.૧–૧–૨૦૨૫ ની પૂર્વવર્તી અસરથી ૩.૫ વર્ષ(ત્રણ વર્ષ અને છ માસ) સુધી વધારવા અંગે યોગ્ય નિર્ણય લેવા બાબત.

૨૧. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, ગુજરાત રાજયમાં નગર રચના યોજનાઓ સુવ્યવિસ્થત અને સરળ રીતે થાય તે રીતે થાય તે માટે વહીવટી તેમજ ખાતાકીય કામગીરી માટે કુલ–૧૦ કરારીય ધોરણેના કોમ્પ્યુટર ઓપરેટરો ટાઉન પ્લાનીંગ વિભાગ(એકમ ૧ થી ૧૦) ને સ્થા.સ.ઠ.નં.૧૮૮૨/૨૦૨૪ માં દર્શાવેલ ભાવ અને અન્ય વિગતે ઈજારદારશ્રી આકાર એચ.આર.મેનેજમેન્ટ એલ.એલ.પી. મારફત કચેરી હુકમ ઈસ્યુ થયા તારીખથી તા.૩૧–૧૨–૨૦૨૫ સુધીની મુદત માટે પૂરા પાડવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૮–૩–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૨ એ/બી (રૂસ્તમપુરા–સગરામપુરા–રૂદરપુરા) વિસ્તારમાં આવેલા વિવિધ રસ્તા, શેરીઓ/મહોલ્લાઓના હયાત ફુટપાથ, વોટર ટેબલના પથ્થર સેટ/રીસેટ તેમજ રબર મોલ્ડેડ પેવર બ્લોક સેટ/રીસેટ, પી.સી.સી.નું વાર્ષિક ધોરણે મરામત કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર બી.કે.કન્સ્ટ્રકશનને ટેન્ડરની અંદાજી રકમ રૂ.૪૯,૩૫,૬૭૪–૪૫ થી ૧૯.૫૦% નીચા ભાવે એટલે કે રૂ.૩૯,૭૩,૨૧૭–૯૩ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૮–૩–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૩(નવાપુરા–સલાબતપુરા) વિસ્તારમાં વાર્ષિક દરે પથ્થર સેટ/રીસેટ, ફુટપાથ, વોટર ટેબલ, પેવર બ્લોક, પી.સી.સી. કરવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર બી. કે. કન્સ્ટ્રકશનને ટેન્ડરની અંદાજી રકમ રૂ.૪૭,૭૪,૯૧૪–૧૦ થી ૧૯.૫૦% નીચા ભાવે એટલે કે રૂ.૩૮,૪૩,૮૦૫–૮૫ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૮–૩–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૦૪(બેગમપુરા) વિસ્તારમાં વાર્ષિક દરે પથ્થર સેટ/રીસેટ, ફુટપાથ, વોટર ટેબલ, પેવર બ્લોક, પી.સી.સી. કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર બી.કે.કન્સ્ટ્રકશનને ટેન્ડરની અંદાજી રકમ રૂ.૪૮,૮૨,૭૯૫–૦૦ થી ૧૯.૫૦% નીચા ભાવે એટલે કે રૂ.૩૯,૩૦,૬૪૯–૯૮ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૫. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૦૧(એ/બી) વિસ્તારમાં વાર્ષિક દરે પથ્થર સેટ/રીસેટ, ફુટપાથ, વોટર ટેબલ, પેવર બ્લોક, પી.સી.સી. કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર બી.કે.કન્સ્ટ્રકશનને ટેન્ડરની અંદાજી રકમ રૂ.૪૭,૫૩,૩૩૨–૦૦ થી ૧૯.૫૦% નીચા ભાવે એટલે કે રૂ.૩૮,૨૬,૪૩૨–૨૬ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૬. મ્યુ.ક.શ્રીનો તા.૪–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–એ માં સબઝોન–૨ ના વિવિધ રસ્તાઓ ઉપર સાઈનબોર્ડ, કેટ આઈ તેમજ ડીલીનીયટર્સ વિગેરે પુરા પાડી લગાવવાના એન્યુઅલ રેટ કોન્ટ્રાકટ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વેદાંશી સેફટી અને સાઈનનું ટેન્ડરની અંદાજી રકમ રૂ.૮૯,૬૦,૬૨૧–૩૫ (GST સિવાય) થી ૩૨.૦૪% નીચુ એટલે કે રૂ.૬૦,૮૯,૬૩૮–૨૭ (GST સિવાય) નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન, ફા.ટી.પી. સ્કીમ નં.૯(મજુરા), એફ.પી.નં.૧૭૫ માં આવેલ પુનમનગર કો.ઓ.હા.સર્વીસ સોસાયટી લી.ના આંતરીક રસ્તા ઉપર ૨૫૦ મી.મી. વ્યાસની એન.પી.૩ વર્ગની આર.સી.સી. ડ્રેનેજ પાઈપલાઈન નાંખી યુનિટ ધારકના ઘર નજીક સીમ્પલ ચેમ્બર બનાવી સીમ્પલ ચેમ્બરથી મશીનહોલ સુધી ૧૫૦ મી.મી. વ્યાસની એન.પી.ટુ. વર્ગની આર.સી.સી. કનેકશન પાઈપલાઈન નાંખવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર પરિમલ કે. લાડને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૯,૪૯,૬૫૯–૯૫ થી ૩૩.૧૦% નીચા ભાવે એટલે કે રૂા.૩૩,૧૧,૩૨૨–૫૧ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં આવેલ પ્રા.શાળા ક્રમાંક ૨૯૭, રાહતનગર મકાનનું એક્ષ્પાન્સન કરવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વિજયભાઈ બાબુરાવ વાલ્હેને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૫૬,૪૩,૮૭૭–૭૨ થી ૩૨.૨૩% નીચા ભાવે એટલે કે રૂા.૩૮,૨૪,૮૫૫–૯૩ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૯. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં આવેલ પ્રા.શાળા ક્રમાંક ૨૯૬, ગભેણી ગામ મકાનનું એક્ષ્પાન્સન કરવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વિજયભાઈ બાબુરાવ વાલ્હેને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૭૭,૩૮,૨૯૨–૮૦ થી ૩૨.૨૩% નીચા ભાવે એટલે કે રૂા.૫૨,૪૪,૨૪૧–૦૩ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૦. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં મોજે–સોનારી, રે.સર્વે નં.૧૨/૧, પૈકીની એમીનીટીસ સ્પેસ, ઈકોમ એકસપ્રેસ સામે પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વિજયભાઈ બાબુરાવ વાલ્હેને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૬૫,૩૭,૭૦૧–૩૫ થી ૩૨.૨૩% નીચા ભાવે એટલે કે રૂા.૪૪,૩૦,૬૦૦–૨૦ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત) માં આવેલ કમરૂનગર મીઠી ખાડી મેઈન રોડ ઉપર હયાત ડ્રેનેજ લાઈનને મેઈન્ટેનન્સ સહિત બદલવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી ઓછા ભાવ ભરનાર ટેન્ડરર કુમાર કન્સ્ટ્રકશનનું રૂા.૩૨,૦૯,૯૮૮–૧૧ + પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૬–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના પશ્ચિમ ઝોનમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારો પૈકી ભાટપોર મશીનહોલ પંપીંગ સ્ટેશનથી ભાઠા સુએઝ પંપીંગ સ્ટેશન સુધી ૩૫૦ મી.મી. વ્યાસની ડી.આઈ. રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર એસ.વી.આર.કન્સ્ટ્રકશન કંપનીને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨,૫૯,૬૧,૮૫૩–૮૭ થી ૨૩.૪૫% ઉંચા ભાવે એટલે કે રૂા.૩,૨૦,૪૯,૯૦૮–૬૦ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૭–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના વિવિધ ઝોન/ખાતાની ડિમાન્ડ મુજબ રેઈટ કોન્ટ્રાકટ ધોરણે ફેબ્રીકેટેડ વ્હીલ બેરોઝ ખરીદવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર Maa Bodyline Private Limited, Surat પાસેથી પ્રતિ નંગ વ્હીલ બેરોઝ રૂા.૫,૭૪૯/– (EXCLUDING GST) લેખે ૧૨૦૦ નંગ કુલ રૂા.૬૮,૯૮,૮૦૦/–(વત્તા પ્રવર્તમાન GST) ના ખર્ચે ખરીદવા અંગે દરખાસ્તના મુદ્દા નં.(૧) અને (૨) માં જણાવેલ વિગતે નિર્ણય લેવા બાબત.

૩૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૩–૨૦૨૫ નો પત્ર, રેઈટ કોન્ટ્રાકટ ધોરણે JCB મેઈકના મશીન માટે OEM પાર્ટસ ખરીદવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર Yantraman Automac PVT LTD, Vadodara પાસે JCB મેઈકના મશીન માટે OEM પાર્ટસની ખરીદી JCB Price List (For parts by JCB India LTD) થી 0.00% એટલે કે પ્રાઈસલીસ્ટથી એટપારના ભાવોથી રૂા.૧,૦૦,૦૦,૦૦૦/– (જી.એસ.ટી. સહીત) ની મર્યાદામાં મહત્તમ ૩(ત્રણ) વર્ષ માટે જે તે વખતની જરૂરીયાત મુજબ, જે તે વખતના અમલી પ્રાઈસલીસ્ટ ઉપર ખરીદવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૭–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં સબ ઝોન ૨ અને ૩ માં આવેલ વિવિધ ટી.પી. રસ્તાઓની બંને બાજુ ઉપર પ્રિકાસ્ટ સી.સી. કર્બ સ્ટોન તથા રબર મોલ્ડેડ પેવર બ્લોકવાળી નવી ફુટપાથ બનાવવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર એન.પી.રૂપાવટીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૪૯,૪૯,૨૮૩–૭૫ થી ૪૨.૩૦% નીચા ભાવે એટલે કે રૂા.૮૬,૨૫,૭૩૬–૭૨ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૬. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં સબ ઝોન ૧, ૪ અને ૫ માં આવેલ વિવિધ ટી.પી. રસ્તાઓની બંને બાજુ ઉપર પ્રિકાસ્ટ સી.સી. કર્બ સ્ટોન તથા રબર મોલ્ડેડ પેવર બ્લોકવાળી નવી ફુટપાથ બનાવવાના કામે આવેલ કુલ–૬ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર એન.પી.રૂપાવટીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૪૪,૬૯,૫૭૪–૫૧ થી ૪૨.૩૦% નીચા ભાવે એટલે કે રૂા.૮૩,૪૮,૯૪૪–૪૯ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૮–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોનમાં આવેલ કાંગારૂ સર્કલથી પ્રમુખપાર્ક બ્રીજ (મીડલ રીંગરોડ) સુધીના ૪૫.૦૦ મી. મીડલ રીંગરોડની બંને બાજુના સર્વિસ રોડને ૭.૫૦ મી. પહોળાઈમાં આર્ટેરીયલ ડીઝાઈનથી MoRTH-2013 મુજબ Subgrade થી Wearing Course સુધી વાઈડનીંગ, કારપેટ તથા કર્બીગ/ફુટપાથ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વિક્રમ ઈન્ફ્રાસ્ટ્રકચર કં઼ું.ને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૬,૮૯,૦૬,૭૪૦–૧૪ થી ૧૩.૯૫% ઉંચા ભાવે એટલે કે રૂા.૭,૮૫,૧૯,૨૩૦–૩૯ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૩) માં જણાવેલ વિગતે નિર્ણય લેવા બાબત.

૩૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન, ફા.ટી.પી. સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા), એફ.પી.નં.૨૮ માં આવેલ શ્રી આનંદ મંગલ કો.ઓ.હા.સોસાયટી લી.ના આંતરીક રસ્તા ઉપર ૨૫૦ મી.મી. વ્યાસની એન.પી.૩ વર્ગની આર.સી.સી. ડ્રેનેજ પાઈપલાઈન નાંખી યુનિટ ધારકના ઘર નજીક સીમ્પલ ચેમ્બર બનાવી સીમ્પલ ચેમ્બરથી મશીનહોલ સુધી ૧૫૦ મી.મી. વ્યાસની એન.પી.ટુ. વર્ગની આર.સી.સી. કનેકશન પાઈપલાઈન નાંખવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વિરેન્દ્ર એમ. શાહને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૬૯,૮૯,૮૯૮–૩૫ થી ૩૩.૧૦% નીચા ભાવે એટલે કે રૂા.૪૬,૭૬,૨૪૨–૦૦ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૯. મ્યુ.ક.શ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોનમાં ટી.પી. સ્કીમ નં.૩૬(અલથાણ), ફા.પ્લોટ નં.૪૫ માં આવેલ મોહનપાર્ક કો. ઓ. હા. સર્વિસ સોસાયટી લી.ના આંતરીક રસ્તા ઉપર ૨૫૦ મી.મી. વ્યાસની એન.પી.૩ વર્ગની આર.સી.સી. ડ્રેનેજ પાઈપલાઈન નાંખી યુનિટ ધારકના ઘર નજીક સીમ્પલ ચેમ્બર બનાવી સીમ્પલ ચેમ્બરથી મશીનહોલ સુધી ૧૫૦ મી.મી. વ્યાસની એમ.પી.ટુ. વર્ગની આર.સી.સી. કનેકશન પાલપલાઈન નાંખવાના કામે આવેલ કુલ–૭ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વિરેન્દ્ર એમ. શાહને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૨,૩૯,૯૪૮–૩૪ થી ૩૩.૧૦% નીચા ભાવે એટલે કે રૂા.૨૮,૩૬,૫૨૫–૪૪ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૦. મ્યુ.ક.શ્રીનો તા.૪–૪–૨૦૨૫ નો પત્ર, નોર્થ ઝોનમાં ટી.પી. સ્કીમ નં.૧૮(કતારગામ), પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૪(ટુંકી), પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૫(સિંગણપોર–ટુંકી), ટી.પી.સ્કીમ નં.૨૬(સિંગણપોર), ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ), પ્રિ.ટી.પી.સ્કીમ નં.૫૧(ડભોલી) અને સિંગણપોર ગામતળના વિવિધ ટી.પી.રસ્તા ઉપર કોટા–સ્ટોન, પેવર બ્લોક, ફુટપાથ, સી.સી. કર્બ અને વોટરટેબલ પુરા પાડવા તેમજ સેટ–રીસેટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવ ભરનાર ટેન્ડરર જય માતાજી કન્સ્ટ્રકશનને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૬૪,૮૧,૧૧૭–૧૫ થી ૪૮.૧૦% નીચા ભાવે એટલે કે રૂા.૩૩,૬૩,૬૯૯–૮૦/– તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચૂકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૧. મ્યુ.ક.શ્રીનો તા.૨–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં આવેલ પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી અશ્વિનીકુમાર–નવાગામ, ફુલપાડા, ફુલપાડા ગામતળમાં સી.સી. કર્બ, પેવર બ્લોક/વોટર ટેબલ અને ગાર્ડ સ્ટોન સાથે ફુટપાથના સેટ/રીસેટ સમારકામ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર રાધે કન્સ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૮,૯૭,૬૫૭–૪૦ થી ૪૮.૫૧% નીચુ એટલે કે રૂા.૨૫,૨૧,૮૦૩–૮૦ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૨. મ્યુ.ક.શ્રીનો તા.૨–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં આવેલ પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી ટી.પી. સ્કીમ નં.૦૪(અશ્વિનીકુમાર–નવાગામ), ટી.પી. સ્કીમ નં.૧૫(ફુલપાડા), ટી.પી. સ્કીમ નં.૧૭(ફુલપાડા) અને ફુલપાડા ગામતળમાં રોડ ડિવાઈડર, ફુટપાથ કર્બ, ચેઈનલિંક, ડિવાઈડર ગ્રીલ/ બીઆરટીએસ રેલિંગ અને ગાર્ડ સ્ટોન ઉપર કલર કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર મુકેશ યાદવ કલર એન્ડ કન્સ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૮,૩૧,૯૬૨–૫૦ થી ૪૫.૩૫% નીચુ એટલે કે રૂા.૨૬,૪૦,૬૬૭–૫૧ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચૂકવણું અલગથી કરવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત) માં આવેલ મીઠીખાડી સ્લમ એરીયાના વિવિધ આંતરિક રસ્તાઓ ઉપર વી.ડી.એસ અને પી.સી.સી.માં મરામત અને નિભાવ કરવાના કામે આવેલ કુલ–૬ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના કુલ–૫ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર પટેલ સંકેત હસમુખભાઈનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૫૫,૦૨,૭૪૯–૩૦ થી ૪૨.૬૦% નીચુ એટલે કે રૂા.૩૧,૫૮,૫૭૮–૧૦ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના પશ્ચિમ ઝોન વિસ્તારના વિવિધ ટી.પી. માર્ગો ઉપર ગ્લાસ બીડીઝ સાથે હોટથર્મોપ્લાસ્ટ રોડ માર્કીંગ પેઈન્ટ અને ફ્લોર માર્કીંગ કરવા તેમજ કેટ આઈ લગાડવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર શ્રીજી કન્સ્ટ્રકશન કાં.નું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૧૫,૮૭,૬૩૨/– થી ૩૬.૩૬% નીચુ એટલે કે રૂા.૭૩,૭૪,૩૬૯/– (પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવામાં આવશે.) નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર), ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫૯(પારડી–કણદે–સચીન–કનસાડ), એફ.પી.નં.૧૯૫(ઓપન સ્પેસ એન્ડ ગાર્ડન) પૈકીમાં શાંતીકુંજ બનાવવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર મે.ગૌરવ બિલ્ડર્સને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૭,૬૦,૯૫૦–૪૫ થી ૪૦.૩૦% નીચા ભાવે એટલે કે રૂા.૨૮,૪૨,૨૮૭–૪૨ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ વેસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૬(વેસુ), ફા.પ્લોટ નં.૮૩ ખાતે વી.બી.ડી.સી. વોર્ડ ઓફિસ બનાવવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી ક્વોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર એન. પી.મુંગરાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૯૫,૯૧,૦૭૩–૪૭ થી ૨૫.૬૨% નીચુ એટલે કે રૂા.૭૧,૩૩,૮૪૦–૪૫ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઈસ્ટ ઝોનમાં સમાવિષ્ટ પ્રિ.ટી.પી. સ્કીમ નં.૪૧(ડિંડોલી), ફા.પ્લોટ નં.૧૩૧ માં આવેલ બિલિયા નગર–૧ સોસાયટીના આંતરીક રસ્તાઓ ઉપર ૨૫૦ મી.મી. વ્યાસની એન.પી.થ્રી. વર્ગની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાંખવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર તુષાર એન રંગરેજનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૬૩,૦૪,૨૬૦–૯૦ થી ૨૯% નીચુ એટલે કે રૂા.૪૪,૭૬,૦૨૫–૨૪ નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ ધોરણે જુદા જુદા પ્રકારની પ્લાસ્ટીકની ચેર ખરીદવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી દરખાસ્તના પત્રક–અ માં જણાવેલ વિગતે આઈટમ નં.૧ અને ૩ માટે લોએસ્ટ ટેન્ડરર પ્રાઈમા પ્લાસ્ટીકસ લી. મુંબઈ પાસેથી રૂા.૮,૭૨,૨૮૫–૫૦ તથા આઈટમ નં.૨ માટે લોએસ્ટ ટેન્ડરર મીસ્ત્રી વુડ વર્કસ, અમદાવાદ પાસેથી રૂા.૧૩,૪૪,૨૧૦/– મળી કુલ રૂા.૨૨,૧૬,૪૯૫–૫૦ ના ખર્ચે ખરીદવા નિર્ણય લેવા તથા ટેન્ડરરો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪૯. મ્યુ.ક.શ્રીનો તા.૨–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તાર માટે રોડ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર શ્રીજી કન્સ્ટ્રકશન કાું.નું દરખાસ્તના પરિશિષ્ટમાં જણાવેલ વિગતે કુલ રૂા.૮૯,૫૩,૫૦૦/– નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫૦. મ્યુ.ક.શ્રીનો તા.૨૬–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં આવેલ પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ થયેલ વિસ્તારો પૈકી ઈચ્છાપોર વિસ્તારમાં ૧૮.૮૯ એમ.એલ.ડી. ક્ષમતાનું સુએઝ પમ્પીંગ સ્ટેશન બનાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી ક્વોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર જેએનપી ઈન્ફ્રાસ્ટ્રકચરને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪,૫૧,૬૧,૧૭૫–૯૫ થી ૪.૨૫% નીચા ભાવે એટલે કે રૂા.૪,૩૨,૪૧,૮૨૫–૯૭ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫૧. મ્યુ.ક.શ્રીનો તા.૧–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પૂર્વ(વરાછા) ઝોન–એ, ડ્રા.ટી.પી. સ્કીમ નં.૩૫(સણિયા–હેમાદ–સારોલી–કુંભારીયા) માં આવેલ વિવિધ ટી.પી. રસ્તાઓ ઉપર સ્ટોર્મ ડ્રેનેજ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી ક્વોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર શ્રી હિન્દુસ્તાન ફેબ્રીકેટર્સ, સુરતને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૪,૪૮,૯૭,૩૪૫–૨૮ થી ૧૯.૬૦% નીચા ભાવે એટલે કે રૂા.૧૯,૬૮,૯૭,૪૬૫–૬૧ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન માટે સુરત સીટીની હદમાં વિવિધ રોડ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર શ્રીજી કન્સ્ટ્રકશન કાું.ને દરખાસ્તના પત્રક–બ માં જણાવેલ વિગતે કુલ રૂા.૧,૧૧,૮૦,૦૦૦/– ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫૩. મ્યુ.ક.શ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પશ્ચિમ ઝોનમાં ટી.પી. સ્કીમ નં.૩૦(રાંદેર), ફા.પ્લોટ નં.૧૩૯ ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝ નગર પ્રાથમિક શાળા ક્રમાંક નં.૧૫૯ ના કેમ્પસ/ખુલ્લી જગ્યામાં મલ્ટીપર્પઝ હોલ અને રીસોર્સખંડ બનાવવાના તેમજ જુની શાળાના મકાનમાં મરામત કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વિશાલ ડી. ડોબરીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૩૯,૭૫,૫૬૬–૬૪ થી ૨૫% નીચા ભાવે એટલે કે રૂા.૧,૦૪,૮૧,૬૭૫/–તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચૂકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરજા બાબત.

૫૪. મ્યુ.ક.શ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, પશ્ચિમ ઝોન, ટી.પી. નં.૧૧(અડાજણ), ફા.પ્લોટ નં.૬૦/P ખાતે આવેલ દિવાળીબાગ કોમ્યુનીટી હોલમાં મરામત અને રીપેરીંગ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વિશાલ ડી. ડોબરીયાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૫૫,૬૫,૨૪૩–૬૦ થી ૨૭.૫૦% નીચુ એટલે કે રૂા.૧,૧૨,૮૪,૮૦૧–૬૧ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫૫. મ્યુ.ક.શ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પશ્ચિમ ઝોન વિસ્તારમાં પાલ–પાલનપુર–ઉગત તથા અન્ય વિસ્તારમાં આવેલ ગાર્ડનમાં રીપેરીંગ તથા રીનોવેશન કરવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર જે. એન. ભંડેરીને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૯,૩૩,૨૧૭–૯૭ થી ૪૨.૫૦% નીચા ભાવે એટલે કે રૂા.૨૮,૩૬,૬૦૦–૩૩ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫૬. મ્યુ.ક.શ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, સ્થા.સ.ઠ.નં.૯૫૫/૨૦૨૧ થી સ્મીમેર તથા મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે દર્દીઓના ઓપરેશન પહેલા શેવિંગ્સને લગતી કામગીરી માટે સ્મીમેર ખાતે બાર્બર(મેલ)ની–૨ અને બાર્બર(ફીમેલ)ની–૨ જગ્યા તેમજ મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે બાર્બર(મેલ)ની–૧ અને બાર્બર(ફીમેલ)ની–૧ મળી કુલ બાર્બર(મેલ)ની–૩ તેમજ બાર્બર(ફીમેલ)ની–૩ જગ્યાઓ ૧૧ માસ માટે કરારીય ધોરણે ઉપસ્થિત કરવામાં આવેલ હોય, જે કરારીય જગ્યાઓની મુદત તા.૩૦–૪–૨૦૨૫ ના રોજ પૂર્ણ થનાર હોય સદર જગ્યાઓની મુદત દિન–૪ નો બ્રેક આપી તા.૫–૫–૨૦૨૫ થી વધુ ૧૧ માસ લંબાવવા બાબત.

૫૭. મ્યુ.ક.શ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે ચાલતા સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ યુ.જી./પી.જી. વિદ્યાર્થીઓ ધ્વારા અભ્યાસક્રમ અધવચ્ચે છોડી જવાના કિસ્સામાં દરખાસ્તના મુદ્દા નં.(૧) અને (૨) માં જણાવેલ વિગતે નીતિ–વિષયક નિર્ણય લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૫૮. મ્યુ.ક.શ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલ ખાતે સ્થા.સ.ઠ.નં.૪૦૮/૨૦૧૧ થી એમ.આર.આઈ. તથા સીટી સ્કેન યુનિટ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધ્વારા અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ લી. તરફથી ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ. મશીન તથા ૧૬ સ્લાઈસ સીટી સ્કેન યુનિટ ૧૦ વર્ષ સુધી ચલાવવાનું મંજુર કરવામાં આવેલ, જેના અનુસંધાને ઈજારદાર અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ લી. તથા સ્મીમેર હોસ્પિટલ વચ્ચે થયેલ એમ.ઓ.યુ. મુજબ ઈજારદાર અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ લિ.ની સંમતિને આધિન સદર કામગીરીના એમ.ઓ.યુ.ની શરતો અને બોલીઓને યથાવત રાખી સા.સ.ઠ.નં.૧૬૫/૨૦૧૯ મુજબ કોષ્ટક–(બ) અને (ક) માં દર્શાવ્યા મુજબ તમામ રેઈટસ યથાવત રાખી તા.૧–૩–૨૦૨૫ થી તા.૩૧–૫–૨૦૨૫ સુધી અથવા CSR હેઠળ મળેલ સાધનો કાર્યાન્વિત થાય એ બે માંથી જે વહેલુ હોય તે મુજબ ઉકત કામગીરી લંબાવવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૫૯. મ્યુ.ક.શ્રીનો તા.૫–૪–૨૦૨૫ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલ ખાતે લીકવીડ ઓકસીજન તથા જુદા જુદા મેડીકલ ગેસીસના સીલીન્ડર સપ્લાય કરવા નવા મંગાવવામાં આવેલ ટેન્ડર મંજુર થયા બાદ સફળ ઈજારદાર ધ્વારા કામગીરી શરૂ કરવામાં આવે ત્યાં સુધી અથવા અંદાજીત રકમ રૂા.૪૦,૦૦,૦૦૦/– એ બે માંથી જે વહેલુ હોય તે મુજબ કાર્યરત ટેન્ડરર એ.ડી.મોરે એન્ડ સન્સ પાસે ટેન્ડરની શરતો અને બોલીઓને આધિન કામગીરી કરાવવા તથા તેનો ખર્ચ મંજુર કરવા બાબત.

૬૦. મ્યુ.ક.શ્રીનો તા.૭–૪–૨૦૨૫ નો પત્ર, Indian Navy ધ્વારા આપવામાં આવનાર Warship Surat ના Large Scale Model ને ડુમસ સી ફેસ પ્રોજેકટના દરખાસ્તમાં જણાવેલ લોકેશન ખાતે ઈન્સ્ટોલ કરવાના કામે સદર કામના ડિઝાઈન કન્સલટન્ટની ડિઝાઈન પ્રમાણે ૦૬ નંગ પાઈલનું ફાઉન્ડેશન અને સ્લેબની કામગીરી સદર કામના ઈજારદાર પાસે મંજુર ટેન્ડરની મર્યાદામાં કરાવવા નિર્ણય લેવા તથા ડુમસ સી–ફેસ પ્રોજેકટ પૈકીના ઝોન–૧(પેકેજ–૧ અને પેકેજ–૨) ના ડિઝાઈન/પ્લાનીંગમાં સમયાંતરે જરૂરી સુધારા/વધારા કરવા તથા સદરહું Warship Surat ના Large Scale Model ને ડુમસ સી ફેસ પ્રોજેકટ ઉપર દરિયા નજીકના ભાગે, ઈવેન્ટ ગ્રાઉન્ડ પાસે ઈન્સ્ટોલ કરવા/જરૂર જણાયે સદર પ્રોજેકટ ઉપર સ્થળ સ્થિતિ અનુસાર ઉકત લોકેશન માટે કોમ્પ્રીહેન્સીવ પ્લાનીંગ મંજુર કરવા અંગેની કામગીરી માટે આગળની તમામ કાર્યવાહી કરાવવા સૈધ્ધાંતિક મંજુરી આપવા બાબત.

૬૧. મ્યુ.ક.શ્રીનો તા.૭–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ સુરત બારડોલી રોડ ઉપર પુણા પાટીયા ફલાય ઓવર બ્રીજની નીચે(કાંગારૂ જંકશન) પાર્કિંગ માટે નિયત કરેલ જગ્યામાં 'પે એન્ડ પાર્ક' ને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર વેદુ કન્સ્ટ્રકશનની રૂા.૧૧,૧૧,૧૧૧/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૬૨. મ્યુ.ક.શ્રીનો તા.૭–૪–૨૦૨૫ નો પત્ર, સેન્ટ્રલ ઝોન ઉત્તર વિસ્તારમાં વોર્ડ નં.૦૭(સૈયદપુરા–રામપુરા–રૂઘનાથપુરા) માં આવેલ (૧) કડિયાશેરી, બ્લોકવાળી ગલી, દારૂખાના રોડ, (૨) મદારીવાડ, પી.સી.સી.વાળી ગલી, સૈયદપુરાની ડ્રેનેજ લાઈન નાંખવા/બદલવાના કામે સ્થા.સ.ઠ.નં.૬૪૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવો, શરતો ને સ્પેશીફીકેશનને આધિન એમ્પેનલ થયેલ કુલ–૪ ઈજારદારો (૧) આમીર પ્લમ્બરીંગ વર્કસ, (૨) ઓશન કોર્પોરેશન, (૩) જોગારામ એમ. સેન અને (૪) હિરેન કિશોરભાઈ સાપરિયા પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૩૫,૭૨,૫૬૫–૬૩ થી ૩૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૪૬,૪૪,૩૩૫–૩૨ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૬૩. મ્યુ.ક.શ્રીનો તા.૭–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સેન્ટ્રલ ઝોન ઉત્તર વિસ્તારમાં વોર્ડ નં.૬(મહિધરપુરા) વિસ્તારમાં આવેલ (૧) ભોંય શેરી(પથ્થરવાળી ગલી), (૨) લુહાર ટેકરા(પથ્થરવાળી ગલી), (૩) લૂવાળા ટેકરા(પી.સી.સી.વાળી ગલી), (૪) ગલેમંડી રાજા ડેરીની પાછળ આવેલ બ્લોકવાળી ગલી, (ગોળ શેરી અને મોટી શેરી વચ્ચે આવેલ સર્વિસ ગલી) અને (૫) બલી શેરીની સર્વિસ ગલીમાં હયાત ડ્રેનેજ લાઈન અંદાજે ૩૫ થી ૪૦ વર્ષ જુની હોય નવી નાંખવા/બદલવાના કામે સ્થા.સ.ઠ.નં.૬૪૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવો, શરતો અને સ્પેશીફીકેશનને આધિન એમ્પેનલ થયેલ કુલ–૪ ઈજારદારો (૧) આમીર પ્લમ્બરીંગ વર્કસ, (૨) ઓશન કોર્પોરેશન, (૩) જોગારામ એમ. સેન અને (૪) હિરેન કિશોરભાઈ સાપરીયા પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૩૨,૭૨,૩૪૨–૩૦ થી ૩૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૪૨,૫૪,૦૪૪–૯૯ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૬૪. મ્યુ.ક.શ્રીનો તા.૭–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા. સંચાલિત મેડીકલ કોલેજ(સ્મીમેર) માં જનરલ મેડીસીન વિભાગમાં આસી. પ્રોફેસર તરીકે કાયમી ધોરણે પગાર સ્કેલ રૂા.૧૦૦૦૦–૧૫૨૦૦ (પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડ પે રૂા.૭૦૦૦ વત્તા એન.પી.એ., પે મેટ્રીક્ષ ૬૮૯૦૦–૨૦૫૫૦૦) ના પગારધોરણમાં ફરજ બજાવતા ડો.રોનક પ્રકાશકુમાર શાહ (કર્મ નં.૩૭૫૮૭) નું તા.૨૧–૫–૨૦૨૪ ના રોજ ઓફીસ સમય બાદની પાશ્ચાદવર્તી અસરથી અમલમાં આવે તે રીતે રાજીનામું મંજુર કરવા અંગે નિર્ણય લેવા બાબત.

૬૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૩–૨૦૨૫ નો પત્ર, નવો પૂર્વ(સરથાણા) ઝોન–બી માં સમાવિષ્ટ નવા ગામો (પાસોદરા, લસકાણા, કઠોદરા, ખડસદ, વાલક, ભાદા, અબ્રામા, વેલંજા વિગેરે.) ૨૪.૦૦ મી. થી વધુ પહોળાઈના ટી.પી. રસ્તા/નોન ટી.પી. રસ્તાને ઈજારદારના બેચમીક્ષ ટાઈપ હોટમીક્ષ પ્લાન્ટ તથા વેટમીક્ષ(WMM) પ્લાન્ટ તેમજ સેન્સર પેવર ફીનીશર ધ્વારા સબગ્રેડથી બાઈન્ડર/વેરીંગ કોર્સ સહિત રસ્તા બનાવી જરૂરી ફુટપાથ નવી/રીપેર કરી, રોડ ડીવાઈડર, વોટર ટેબલ, રોડ સ્ટડસ, રોડ સાઈનેજીસ તેમજ ટ્રાફીક સેફટી મેઝર્સ પુરા પાડવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર આર. એન. ડોબરીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૧,૧૧,૪૬,૫૮૪–૫૬ થી ૧.૯૧% ઉંચા ભાવે એટલે કે રૂા.૨૧,૫૧,૭૯,૪૮૪–૩૪ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૩) માં જણાવેલ વિગતે નિર્ણય લેવા બાબત.

૬૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૮–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં આવેલ પૂર્વ ઝોન–એ ના ઉમરવાડા, મગોબ–ડુંભાલ, પૂણાગામ, સણિયા હેમાદ અને સારોલી વિસ્તારમાં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી ફુટપાથ, કર્બ, પેવર બ્લોક/વોટર ટેબલ અને ગાર્ડસ્ટોનને સેટ–રીસેટ/રીપેરીંગ કરવાના કામે આવેલ કુલ–૬ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર મે.શ્રીનાથ કંસ્ટ્રકશનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૮૯,૩૩,૨૨૪–૯૦ થી ૪૮.૫૧% નીચુ એટલે કે રૂા.૪૫,૯૯,૭૧૭–૫૦ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી. અલગથી ચુકવવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૬૭. મ્યુ.ક.શ્રીનો તા.૮–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–એ વિસ્તારની વિવિધ ટી.પી. સ્કીમોમાં જરૂરીયાત મુજબના ટી.પી./જાહેર રસ્તાઓ ઉપર એન.પી.થ્રી./એન.પી.ફોર વર્ગના જુદા–જુદા વ્યાસની આર.સી.સી. પાઈપો પુરા પાડી ડ્રેનેજ લાઈન નાંખવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર ડી.ડી.કન્સ્ટ્રકશનને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨,૫૦,૧૭,૧૭૮–૧૫ થી ૧૫.૦૮% નીચા ભાવે એટલે કે રૂા.૨,૧૨,૪૪,૫૮૭–૬૮ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૬૮. મ્યુ.ક.શ્રીનો તા.૫–૩–૨૦૨૫ નો પત્ર, ન્યુ નોર્થ ઝોન વિસ્તાર(મોટા વરાછા, ઉત્રાણ, અમરોલી, કોસાડ, છાપરાભાઠા, વરીયાવ વિગેરે) માં મીટર્ડ વોટર સપ્લાય સિસ્ટમ અંતર્ગત ઈન્ટેક વેલ–જળવિતરણ મથકથી વપરાશકર્તાના કનેકશન સુધીના મેનેજમેન્ટ તથા તમામ પ્રકારના ઈલેકટ્રીકલ, મિકેનીકલ અને ઈન્સ્ટુમેન્ટેશનના સાધનો/મશીનોના 0 & M તથા હયાત M.S. અને DI નળીકાના નેટવર્કના મરામત નિભાવ અને વપરાશકર્તાને કનેકશન આપવાની અને મરામત નિભાવની, વોટરમીટરના ઈન્સ્ટોલેશન, રીડીંગ બીલીંગ વિગેરે સમગ્ર જળ વિતરણ વ્યવસ્થામાં વોટર પ્રેસર, વોટર લોસીસ, લીકેજ–ગંદાપાણીને લગતા માપદંડોની જાળવણી સહિત ૬૦ મહિના માટે મરામત નિભાવની કામગીરીના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર પી.દાસ. ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી., અમદાવાદને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૮,૨૦,૭૭,૯૭૮–૨૨ થી ૧૪.૭૯% ઉચા ભાવે એટલે કે રૂા.૩૨,૩૭,૯૭,૩૧૧–૦૦ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

આ દે શ થી,

Sonje. m. P.

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,

સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,

સુરત, તા.૮–૪–૨૦૨૫.

ANAHITA.